૬

કો.શાખ

જિલ્લા આશ્રય ગૃહ, અમદાવાદ ખાતે માનસિક બિમાર પુરૂષો માટે પુન: સ્થાપન ગૃહ શરૂ કરવા માટે રૂ.૦૩.૭૭ લાખની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૧૮/૧૬૬૪૭/ન.બા.૬/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૧/૦૪/૨૦૧૮.

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૭/૦૨/૨૦૧૮નો પત્ર નં. સસુખા/અપગ/નવી બાબત/૨૦૧૭-૧૮/૨૯.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૮/૦૩/૨૦૧૮નો પત્ર નં. સસુખા/યજન/નવી બાબત/૧૭-૧૮/૨૭૦.

આમુખ :-

નામ. સુપ્રિમ કોર્ટ કેસ રીટ પીટીશન (સીવીલ)નં.૪૧૨/૨૦૧૬ના તા.૧૦.૦૭.૨૦૧૭ના હુકમ અન્વયેની ગાઈડલાઈન અનુસાર માનસિક બિમાર પુરૂષો માટે પુન: સ્થાપન ગૃહ શરૂ કરવાનું રહે છે.

માનસિક બિમાર પુરૂષો માટે પુન: સ્થાપન ગૃહ શરૂ કરવા અંગેની નામ. સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન અનુસાર હાલ અમદાવાદ ખાતે કાર્યરત આશ્રય ગૃહને પુન: સ્થાપન ગૃહમાં તબદીલ કરવા અંગેની નવી બાબતનો રૂ.૦૩.૭૭ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક: (૨)ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૧) અને (૨) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને જિલ્લા આશ્રય ગૃહ, અમદાવાદ ખાતે માનસિક બિમાર પુરૂષો માટે પુન: સ્થાપન ગૃહ શરૂ કરવા અંગે નીચેના કોઠામાં

કોલમ નં(૨)માં દર્શાવ્યા મુજબના હાલના મહેકમ પૈકીના ક્રમ-૫ થી ૧૨માં દર્શાવેલ આઉટસોર્સથી/કરાર આધારિત તેમજ વીઝીટીંગ સ્ટાફના મહેકમના ૩(ત્રણ) માસનો અંદાજીત ખર્ચ કરવા અંગે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મંજુર રહેલ નવી બાબતની જોગવાઈનો રૂ.૦૩.૭૭ લાખની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

જિલ્લા આશ્રય ગૃહ હયાત છે તેનું મંજુર થયેલ મહેકમ નીચેના ટેબલ(પત્રક)માં કોલમ નં ૪ માં સામેલ છે.

| ક્રમ | કર્મચારી ગણનો હોદ્દો ગાઇડ લાઇન મુજબ નું મહેકમ | સંખ્યા | જિલ્લા આશ્રય ગૃહનું મંજુર થયેલ હયાત મહેકમ | નવું મંજુર કરવાનું થતું મહેકમ | જગ્યાનું પગાર ધોરણ | માસિક વેતન રૂા. | વાર્ષિક અંદાજ ખર્ચ (રૂપિયા) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અધિક્ષક (ઓફિસર ઇન્ચાર્જ) | ૧ | ૧ | - | - | - | - |
| ૨ | જુનિયર ક્લાર્ક(ઓફિસ આસીસ્ટન્ટ) | ૧ | - | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ | ૧૯,૯૫૦/- | ૨,૩૯,૪૦૦/- |
| ૩ | નર્સિંગ સ્ટાફ (કેર ગીવર) | ૧ | - | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૨૪૦૦ | ૧૯,૯૫૦/- | ૨,૩૯,૪૦૦/- |
| ૪ | સોશિયલ વર્કર | ૧ | - | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૨૮૦૦ | ૩૧,૩૪૦/- | ૩,૭૬,૦૮૦/- |
| ૫ | ક્રાફ્ટ શિક્ષક (વોકેશનલ ઇનસ્ટ્રક્ટર) | ૧ | - | ૧ | ૧૧ માસના કરાર આધારીત | ૧૦,૦૦૦/- | ૧,૨૦,૦૦૦/- |
| ૬ | એટેન્ટડન્ટ(આઉટ સોર્સ) | ૫ | ૧ | ૪ | ૬,૦૦૦/- × ૪ | ૨૪,૦૦૦/- | ૨,૮૮,૦૦૦/- |
| ૭ | રસોયા(આઉટ સોર્સ) | ૧ | ૧ | - | - | - | - |
| ૮ | હાઉસ કિપર(આઉટ સોર્સ) | ૧ | - | ૧ | ૬,૦૦૦/- | ૬,૦૦૦/- | ૭૨,૦૦૦/- |
| ૯ | વિઝિટીંગ સાઇકાટ્રીસ્ટ | ૧ | - | ૧ | રૂ.૬૦૦/- દર મુલાકાતે | ૭,૨૦૦/- | ૮૬,૪૦૦/- |
| ૧૦ | વિઝિટીંગ મેડિકલ ઓફિસર | ૧ | ૧ | - | - | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | વિઝિટીંગ એક્યુપેશનલ થેરાપીસ્ટ | ૧ | - | ૧ | રૂ.૬૦૦/- દર મુલાકાતે | ૭,૨૦૦/- | ૮૬,૪૦૦/- |
| ૧૨ | ચોકીદાર(આઉટ સોર્સ) | ૧ | ૧ | - | ૬,૦૦૦/- | - | - |
| | | ૧૬ | ૫ | ૧૧ | | | ૧૫,૦૭,૬૮૦ |

- ૩ મહિના માટે થતો અંદાજિત ખર્ચ : ૧૫,૦૭,૬૮૦ × ૩ = ૩,૭૬,૯૨૦/-

જિલ્લા આશ્રય ગૃહ, અમદાવાદ ખાતે માનસિક બિમાર પુરુષો માટે પુનઃ સ્થાપન ગૃહ શરૂ કરવા માટે નીચેના કોઠામાં દર્શાવ્યા મુજબની ત્રણ જગ્યા ઉભી કરવા મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | કર્મચારી ગણનો હોદ્દો | સંખ્યા | જગ્યાનું પગાર ધોરણ | ગ્રેડ પે |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | જુનિયર ક્લાર્ક | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ |
| ૩ | નર્સીંગ સ્ટાફ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ |
| ૪ | સોશિયલ વર્કર | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૮૦૦ |

વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં જિલ્લા આશ્રય ગૃહ, અમદાવાદ ખાતે માનસિક બિમાર પુરુષો માટે પુનઃ સ્થાપન ગૃહ શરૂ કરવા માટે રૂ.૦૩.૭૭ લાખ(અંકે રૂપિયા ત્રણ લાખ સિત્યોતેર હજાર પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજુરી ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબની ત્રણ જગ્યા ઉભી કરવા તેમજ બાકીની જગ્યાની કામગીરી જરૂરિયાત મુજબ આઉટસોર્સિંગના ધોરણે કરાવવાની રહેશે તે શરતે તેમજ નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૮/૦૩/૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર. કે. પાંડર )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.